ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૨૭.૫ ડીગ્રી
લઘુતમ : ૧૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૫૩ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં કોરોના સેલ્ફ ટેસ્ટિંગમાં વધારો

મેડિકલ શોપમાંથી કોરોનાની ટેસ્ટીંગ કીટનું વેચાણ વધ્યું



ગાંધીનગર, તા.૨૨

કોરોનાના કેસનો રાફડો ફાટયો છે સરકાર દ્વારા કોરોના ગાઈડલાઈનનું પાલન કરવા માટે પગલાં લેવાઈ રહ્યા છે. કોરોનાને વધતો અટકાવવા માટે જરૂરી તકેદારીઓ રાખવામાં આવી રહી છે. શરૂઆતના સમયમાં યોગ્ય સારવારનો અભાવ હતો પરંતુ હવે વેકસીનની પણ સુવિધા થઈ ગઈ છે સાથે સાથે ઘરે જ કોરોનાનો ટેસ્ટ થઈ શકે તેની કીટ પણ બજારમાં મળતી થઈ ગઈ છે. જેથી શહેરીજનો ઘરે જ ટેસ્ટ કરી રહ્યા છે જેને પગલે છેલ્લા ત્રણ દિવસમાં કીટના વેચાણમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે.

શહેરમાં કોરોના પોઝિટિવ કેસોની સંખ્યા સતત વધી રહી છે. પોઝિટિવ કેસ વધારે સામે આવવાનું કારણ ટેસ્ટીંગમાં થયેલો વધારો પણ છે. મેડિકલની દુકાનોમાં કોવિડ ટેસ્ટ માટે સેલ્ફ ટેસ્ટ કીટ મળી રહી છે તેના વેચાણમાં વધારો થયો છે. આઈસીએમઆર દ્વારા ટેસ્ટ કીટને મંજુરી આપવામાં આવી છે. આ કીટ લગભગ તમામ દવાઓની દુકાનોમાં મળી રહે છે અને કીટનો સકસેસ રેટ ૯૫ ટકા છે. આ કોરોના સેલ્ફ ટેસ્ટ કીટનો ભાવ ૨૫૦ રૂપિયા છે. આ કીટની મદદથી આસાનીથી ઘરે ટેસ્ટ કરી શકાય છે. જો ઘરમાં કોઈને કોરોનાના લક્ષણ દેખાતા હોય તો આ કીટ મારફતે આસાનીથી ટેસ્ટ થઈ શકે છે કોઈ લેબોરેટરી કે સરકારી જગ્યા પર જવું અને સંક્રમણનો ભોગ બનવું એના કરતાં આ કીટનો ઉપયોગ કરવો વધારે સારું તેમ કહી શકાય. શહેરીજનોમાં જાગૃતતા આવી હોવાના કારણે આ કીટનો વધુને વધુ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

ઘરે જ આ રીતે કોરોના ટેસ્ટ કરવો સેફટીની દૃષ્ટિએ વધુ હિતાવહ છે. પરંતુ એ પણ જરૂરી છે કે જો કોઈ આ કીટ વસાવી અને ઘરે ટેસ્ટ કરે અને પોઝિટિવ આવે તો તેઓ જવાબદાર તંત્રનું ધ્યાન તુરંત દોરે જેથી શહેરમાં સંક્રમણ કેટલા માણસોને ફેલાયું છે તેનો ખ્યાલ આવે અને સંક્રમણને નિયંત્રણમાં લેવા જરૂરી પગલાં સરકાર પણ લઈ શકે. કોરોનાનું સંક્રમણ વધે નહીં તે માટે શહેરીજનોએ કોરોના ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરવું જોઈએ.

ઈન્દ્રોડા સરકારી પ્રા. શાળામાં રીનોવેશન અને નવા શૌચાલયનું ખાતમુહુર્ત

ગાંધીનગર, તા.૨૨

સરકારી પ્રાથમિક શાળા ઈન્દ્રોડા ખાતે સમારકામ, કલરકામ તેમજ નવા શૌચાલયનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. ગાંધીનગર શહેર વિસ્તારનાં શાસનાધિકારી કિરણબેન પટેલે સાયબેજ આશા ટ્રસ્ટ પાસે શહેરવિસ્તારની શાળાઓ માટે વિવિધ જરૂરિયાતો માટે માંગણી કરી હતી.જે ટ્રસ્ટ દ્વારા માન્ય રાખી સરકારી પ્રાથમિક શાળા ઈન્દ્રોડા ખાતે શાળાનું સમારકામ, કલરકામ તેમજ નવા શૌચાલયનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાસનાધિકારી કિરણબેન પટેલ, શાળા પરિવાર તથા સાયબેજ આશા ટ્રસ્ટના પ્રતિનિધિ હિમાંશુ મકવાણા હાજર રહ્યા હતા. આ કાર્ય માટે શાળા પરિવાર સાયબેજ આશા ટ્રસ્ટ તથા શાસનાધિકારી કિરણબેન પટેલનો આભાર વ્યકત કર્યો હતો.

સેકટર-૧૩ બી શોપિંગ સેન્ટર પાછળ સીનીયર સીટીઝન્સ ગ્રુપ દ્વારા સાફ સફાઈ હાથ ધરાઈ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં.૬માં સમાવિષ્ટ સેકટર-૧૩ બી ખાતે શોપિંગ સેન્ટરની પાછળ સીનિયર સીટીઝન્સ ગ્રુપના વડીલો દ્વારા સુંદર માવજત કરાઈ રહી છે જેના થકી નંદન વન ખીલી ઉઠયું છે પરંતુ તેને અડીને જ પાછળ નકામા ઉગી ગયેલા ગાંડા બાવળ સહિતના વધારાના ઘાસથી સમગ્ર વિસ્તારની શોભા બગડી જતી હતી ત્યારે સીનિયર સીટીઝન્સ ગ્રુપના વડીલોએ સ્થાનિક સેવાભાવી અગ્રણી અને મહાનગર ભાજપ, સાંસ્કૃતિક સેલ સંયોજક વિનોદભાઈ ઉદેચાને રજૂઆત કરતાં તેમના પ્રયત્નો દ્વારા તાત્કાલીક ધોરણે વ્યવસ્થા અનુસાર સેનિટેશન શાખાના વોર્ડ-૬ના સેની ઈન્સ્પેકટર સુરેશભાઈ ભરવાડ, સબ. એસઆઈ. પરેશભાઈએ જીસીબી તથા આઈવા ટ્રક સાથે તેમની ટીમ બોલાવીને સ્થળ પર સાથે રહીને નકામા બિલ્ડીંગ મટીરીયલ્સ, ઘાસ તથા ગાંડા બાવળને દૂર કરી સફાઈનું સુંદર કાર્ય કરતા સીનિયર સીટીઝન્સ ગ્રુપના વડીલો, વેપારી ગણ સહિત વસાહતીઓ દ્વારા વિનોદભાઈ ઉદેચા તથા ગાંધીનગર મનપાના મ્યુ. કમિશનર પૂજા બાવડા, સી.એમ. ત્રિવેદી, પી.સી. દવે, સેને. સુપ્રિન્ટેન્ડટ એસ.એસ. ગોહિલ, ઈન્સ. સુરેશભાઈ ભરવાડ, સબ. એસ.આઈ. પરેશભાઈ સહિત કર્મચારીગણ તથા વિશેષ રૂપે સફાઈ કામદારોનો આભાર વ્યકત કર્યો હતો. આ કાર્ય સમયે ગણપતસિંહ રાજ, ભરતભાઈ ભાટીયા, નિલેશભાઈ ગોસ્વામી, પૂર્વ મ્યુ. કાઉ. ગોવિંદભાઈ પરમાર, અશોકભાઈ, પૂર્વ વોર્ડ પ્રમુખ નિલેશભાઈ મહેરીયા, ભરતભાઈ આરસોડીયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.જય ઓઝા લિખિત 'ડાયલૉગથી દેવભાષા'નું ઈ-લોકાર્પણ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર સમાચારની લોકપ્રિય કૉલમ 'ડાયલૉગથી દેવભાષા' ના મણકાંઓના સંપુટનું પુસ્તકરૂપે ઈ-લોકાર્પણ કરાયું હતું. જાણીતા કટાર લેખક ડૉ. જય ઓઝા લિખિત અને ગૂર્જર પ્રકાશન દ્વારા પ્રકાશિત આ પુસ્તક ફિલ્મી સંવાદો સાથે સંસ્કૃત સાહિત્યનું અનુસંધાન સાધીને નવી પેઢીને દેવભાષા પ્રતિ અભિમુખ કરવાનો યત્ન છે.

કાર્યક્રમ અધ્યક્ષના ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંત જહાએ આ નવતર પ્રયોગને પુસ્તક રૂપે આકારિત કરવાના આ પ્રયાસને વધાવી લીધો હતો. તેમણે જણાવ્યું હતું કે આ પુસ્તક પરંપરાના પાલન સાથે પરિવર્તનનો સાદ ઝીલવાનો પ્રયાસ કરીને આધુનિક વિચારધારાને જોડતું પુસ્તક છે. આ પ્રસંગે અતિથિ વિશેષ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહે આ પુસ્તકને સંદર્ભગ્રંથ તરીકે વિશેષ ઉપયોગી ગણાવ્યો હતો. આ સાથે વિશેષ ઉપસ્થિત નિવૃત્ત સનદી અધિકારી

ભાગ્યેશભાઈ જહાએ ગ્રંથનો ઉઘાડ કરતાં કહ્યું હતું કે 'આ ગ્રંથ બે ભાષાઓ વચ્ચે સેતુ રચવાનું કાર્ય કરશે'. કાર્યક્રમનું સંચાલન કલ્પેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. સમાપને ડૉ.જય ઓઝાએ પુસ્તકના ઈ-લોકાર્પણ કાર્યક્રમમાં જોડાનાર સાહિત્ય અગ્રણીઓ અને વાચકો ઉપરાંત પુસ્તક પ્રકાશન સાથે સંકળાયેલા તમામનો આભાર વ્યક્ત કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ઓનલાઈન લોકાર્પણના આ કાર્યક્રમમાં ઝૂમ માધ્યમથી તેમજ યુ-ટ્યુબના માધ્યમથી પણ જાણીતા સાહિત્ય અગ્રણીઓ તેમજ વાચકો જોડાયા હતાં.

ગાંધીનગર-ચિલોડા માર્ગ પર આલમપુર પાટીયા પાસે ટ્રક-બુલેટ વચ્ચે અકસ્માત સર્જાયો હતો.જેમાં બુલેટ ચાલકને ઈજા પહોંચી હતી અને બુલેટનો ખુડદો બોલી ગયો હતો. જયારે અકસ્માતને પગલે સ્થાનિક વેપારીઓ સહિત વાહનચાલકો મોટીસંખ્યામાં ઉમટી પડયા હતા.

ગુપ્તા સ્પોર્ટસ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા પ્રજાસત્તાક દિનની ઉજવણીનું આયોજન

ગાંધીનગર, તા.૨૨

વર્ષોથી ગુપ્તા પરિવાર દ્વારા દેશભકિતના પર્વે ધ્વજવંદનની શાનદાર ઉજવણી ગુપ્તા કોમ્પ્લેક્ષ સેકટર-૧૪ ખાતે કરવામાં આવે છે. આ વર્ષે પણ કોરોનાથીસુરક્ષિત રહી નિયમોનું પાલન કરી ઉજવણી કરવામાં આવશે. આ વર્ષે ઉમેશ ગુપ્તાના વરદ હસ્તે ધવજવંદન કરવામાં આવશે. ઉમેશ ગુપ્તા નિવૃત્ત એરફોર્સના ફલાઈંગ ઓફીસર છે. અને તેઓએ ૧૯૭૧ના યુધ્ધમાં બાંગ્લાદેશ અને કારગીલના યુધ્ધમાં ભાગ લઈ ઉત્તમ કામગીરી કરી હતી. આવા શ્રેષ્ઠ યોધ્ધાઓનું સ્વર્ણમ વિજય વર્ષ, વિજય મશાલ સ્વાગત સમારોહમાં તારીખ ૧૭ ઓગષ્ટ ૨૦૨૧ના રોજ ગુજરાતના મહામહીમ ગવર્નર આચાર્ય દેવવ્રતના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. જેમાં મેજર જનરલ વિજયકુમાર શર્મા, સેના મેડલ, જનરલ કમાન્ડીંગ, ગોલ્ડન કટાર ડીવીઝનમાં ઉમેશ ગુપ્તાનું સન્માન સાબરમતી રીવરફ્રન્ટ ખાતે સમારોહમાં કરવામાં આવ્યું હતું. ધવજવંદનમાં આર્મીના ઉચ્ચ અધકારીઓને આમંત્રિત કરવામાં આવશે. ધ્વજવંદન સાથે સાથે શોર્યગીતોની રમઝટ, રમતગમત સ્પર્ધાનું આયોજન કરી બાળકોને ઈનામ આપવામાં આવશે. જેમાં જાગૃત વસાહત ફોરમના મહેન્દ્રભાઈ ચૌહાણ અને સમગ્ર ટીમ તથા વસાહતીઓ ભાગ લઈ ગૌરવ વધારશે.

દૈનિક ભાસ્કર દ્વારા જુનિયર એડિટર-૬ની સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૨૨

દૈનિક ભાસ્કર દ્વારા જુનિયર એડિટર-૬ની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. એસએસવી શાળાના ધોરણ-૫થી ૧૦ના વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો અને અલગ અલગ મહિતી એકઠી કરી પોતાની રીતે સમાચાર પત્ર તૈયાર કરી ભવિષ્યના એડિટર બનવાની પ્રેકટિસ લીધી હતી. વ્યકિત એક સામાજીક પ્રાણી છે. સમાજથી અલગ તેનું કોઈ અસ્તિત્વ જ નથી. તેજ રીતે પ્રત્યેક વ્યકિતને એવી ઈચ્છા હોય કે તેની આસપાસની દુનિયામાં શું ચાલી રહેલું છે તેનાથી માહિતગાર રહે જેના માટે તે સમાચાર પત્રનો ઉપયોગ કરે છે. પત્રકાર દ્વારા એકઠી કરેલી માહિતીથી દરરોજ સવારે ઘરે ઘરે વંચાતું સમાચાર પત્ર તૈયાર કરવામાં આવે છે જેની સમજ આપવા માટે દૈનિક ભાસ્કર દ્વારા જુનિયર એડિટરની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગરમાં આમ આદમી પાર્ટીના મહિલા પ્રમુખ દ્વારા સેક્ટર-૨૬ તેમજ બોરીજ ગામમાં મહિલાઓને સેનેટરી પેડ્સનું વિતરણ કરવા સાથે જનમત ફોર્મ ભરાવ્યાં તેમજ આમ આદમી પાર્ટીની વિચારધારાથી માહિતગાર કર્યા હતા. આ કાર્યક્રમમાં 'આપ' ગાંધીનગરના મહિલા સંગઠનના હોદ્દેદારો ખૂબ ઉત્સાહથી કાર્યક્રમમાં જોડાઈ હતી અને મોટી સંખ્યામાં મહિલાઓને પાર્ટીમાં જોડી હતી જેમણે પાર્ટી સંગઠનમાં કામ તેમજ બૂથ લેવલે કામ કરવાની તૈયારી દર્શાવી હતી.

સરકારી વિજ્ઞાન કોલેજમાં પોસ્ટર મેકીંગ ઈવેન્ટ યોજાઈ

ગાંધીનગર, તા.૨૨

સરકારી વિજ્ઞાન કોલેજમાં સપ્તધારા અંતર્ગત રંગ કલા કૌશલ્ય ધારા હેઠળ મતદાર જાગૃતિ વિષય પર પોસ્ટર મેકીંગ ઈવેન્ટ યોજાઈ હતી. આ ઈવેન્ટમાં કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કોલેજના વિદ્યાર્થીઓએ વોટ ફોર બેટર ઈન્ડિયા, પ્રાઉડ ટુ બી વોટર રેડી ટુ વોટ, પાવર ઈઝ મેન ફીંગર એન્ડ યુઝ યોર બ્રેઈન, ધ પાવર ટુ ચેન્જ યોર ફ્યુચર એટ ધ ટીપ ઓફ યોર ફીંગર જેવા સ્લોગન સાથેના સુંદર પોસ્ટર તૈયાર કર્યા હતા. કોરોનાની ગાઈડલાઈનને ધ્યાનમાં રાખી ઓનલાઈન ઈવેન્ટ યોજાઈ હતી. સંસ્થાના આચાર્ય ડૉ.એમ.જી. ભટ્ટના માર્ગદર્શનથી સપ્તધારા કો ઓર્ડીનેટર ડૉ. કે.બી. પટેલની પ્રેરણાસહ આ ઈવેન્ટ સફળ થઈ હતી. કોલેજ પરિવારે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

સિંગતેલ અને કપાસિયા તેલના ભાવમાં વધારો

સિંગતેલમાં ૧૫ રૂપિયા અને કપાસિયાના તેલમાં ૩પનો વધારો

ગાંધીનગર, તા.૨૨

સિંગતેલ અને કપાસિયા તેલના ભાવમાં વધારો ઝીંકાયો છે. મધ્યમવર્ગ પર મોંઘવારીનો વધુ એક માર પડયો છે. કપાસિયા તેલમાં છેલ્લા ત્રણ દિવસથી સતત ભાવ વધારો જોવા મળી રહ્યો છે. ત્રણ દિવસમાં સિંગતેલમાં ૧૫ રૂપિયા અને કપાસિયામાં ૩પનો ભાવ વધારો થયો છે. ભાવ વધ્યા બાદ રૂપિયા ૨૨૯૫ થયો હતો જયારે કપાસિયા તેલના ડબ્બાનો ભાવ રૂપિયા ૨૧૬૦ થયો છે. જયારે સનફલાવર, કોર્નઓઈલ અને વનસ્પતિ ઘી સહિતના ભાવ યથાવત રહ્યા છે.

તેલના ભાવમાં વધારો થવાથી ગૃહિણીઓના બજેટમાં અસર વર્તાશે. સિંગતેલમાં હજુ ભાવ વધવાની શકયતા પરેપુરી છે. સિંગતેલમાં ભાવવધારો આવશે તો એની અસર કપાસિયા અને બીજા તેલમાં પણ જોવા મળશે. સીંગતેલના ભાવમાં વધારો થવાથી ઘણી બધી સામગ્રીઓમાં પણ ભાવવધારો થવાની સંભાવના રહેશે. લગ્નની મોસમમાં તેલનો ભાવ વધતા તેલનો વેપાર કરતા કરિયાણાની દુકાનના વેપારીઓને લાભ થશે. લગ્નગાળામાં તેલના ડબ્બાનું વેચાણ મોટા પ્રમાણમાં થતું હોવાથી વેપારીને ભાવવધારો સારી રીતે પોસાશે તેવું વેપારી વર્ગ દ્વારા જાણવા મળ્યું હતું.

સિંગતેલમાં સતત ભાવવધારો થવાને કારણે નાગરિકોને મોંઘા ભાવનું તેલ ખરીદવું પડી રહ્યું છે. એક પછી એક મોંઘવારીનો માર સામાન્ય જનતાને પડી રહ્યો છે. પેટ્રોલનો ભાવ ભલે ઓછો કરવામાં આવ્યો પરંતુ બીજી ચીજવસ્તુઓમાં ભાવવધારો થઈ રહ્યો છે તેથી પેટ્રોલ-ડીઝલના ભાવમાં ઘટાડો કર્યો તેનો ફાયદો બીજી ચીજવસ્તુઓમાં ભાવવધારીને જનતાને મુર્ખ બનાવવામાં આવે છે. આમ નહીં તો આમ ભાવવધારો કરીને જનતાને લૂંટવાનો ઈરાદો સરકાર કરી રહી છે. છેલ્લા બે વર્ષથી કોરોનામાં આર્થિક મંદીમાં સપડાયેલા નાગરિકો આટલી મોંઘવારીમાં તેલ નાખ્યા વગરનું બાફેલું ખાવાનું પસંદ કરશે જો આમ જ ભાવવધારો થતો રહેશે તો ગૃહિણીઓને રસોડાનો સામાન લાવતા વિચાર કરવો પડશે. દર મહિને મોટામોટા ડબ્બા તેલની ખરીદી કરવામાં આવે છે તેમાત્ર નાના તેલના ડબ્બાની ખરીદી પર આવી જશે. આર્થિક રીતે મધ્યમ વર્ગને મોંઘવારી નડી રહી છે જેમાં પૈસા ન હોવાના કારણે અમુક પરિવારોને એક ટાણું ખાવાના પણ ફાંફાં થઈ રહ્યા છે. સરકારે સામાન્ય જનતાની રોજીરોટી વિશે પણ ખ્યાલ રાખવો જોઈએ.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. અંજણા જયરામભાઈ ગોવાભાઈ,** ઉ.વ. ૬૨, આલમપુર
- **સ્વ. રાઠોડ મહેતાબા રતનસિંહ,** ઉ.વ. ૭૯, દોલારાણા વાસણા
- **સ્વ. ચૌહાણ સજનકુંવર વીરસિંહ,** ઉ.વ. ૮૯, બોરીજ નવાપુરા
- **સ્વ. પંચાલ કમલાબેન અમૃતલાલ,** ઉ.વ. ૭૪, પ્રતાપનગર, માણસા
- **સ્વ. ઠાકોર રમણજી જવાનજી,** ઉ.વ. ૪૬, વાવોલ
- **સ્વ. વાઘેલા હમીરસિંહ હિંમતસિંહ,** ઉ.વ. ૭૪, પીંડારડા
- **સ્વ. રાઠોડ જીલુજી કચરાજી,** ઉ.વ. ૬૫, સેકટર-૨૦
- **સ્વ. ઠાકોર ચંદાબેન ભિખાજી,** ઉ.વ. ૬૪, મહુન્દ્રા
- **સ્વ. જાદવ બબીબેન ધૂળાજી,** ઉ.વ. ૬૬, પીરોજપુર
- **સ્વ. તલસાણિયા ચત્રભુજ ત્રિભોવનદાસ,** ઉ.વ. ૯૪, સે-૨૩

જન્મદિને વધામણી

રમીલાબેન શાંતિલાલ ઘોઘારી
મો. ૯૯૨૫૦ ૪૩૭૪૦

પૃથ્વીરાજ શ્રીકાંત ડોડિયા
મો. ૯૭૧૪૬ ૨૬૪૭૬

રમેશચંદ્ર કચરાભાઈ શ્રીમાળી
મો. ૯૪૨૮૮ ૧૪૨૪૬

દક્ષાબેન શુક્લ
મો. ૭૫૬૭૭ ૯૧૪૨૭

ઉષા જે. ગજ્જર

ક્રિમા તલાટી

પાર્થ સુથાર
મો. ૯૬૩૮૧ ૫૦૨૦૯

ધ્રુવીત જે. દરજી
મો. ૯૪૨૮૧ ૫૧૮૨૨

માર્મી પ્રેરક જોષી
મો. ૮૮૬૬૯ ૮૨૦૮૨